નિયમિત ભરતીમાં છુટછાટ મુકીને વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૧/૦૨/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ-૨૫/૨/૧૯૮૦નો ઠરાવ ક્રમાંક-સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ-૨.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ-૧૦/૫/૧૯૮૨નો પરિપત્ર ક્રમાંક-સીઆરઆર/૧૧૮૨/૧૧/ગ-૨.
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ-૧/૦૮/૧૯૯૦નો ઠરાવ ક્રમાંક-સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ-૨.
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ-૧૮/૦૪/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક- સીઆરઆર/૧૦૯૯/યુ.ઓ-૪૧૧૦/ગ-૨.
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ-૧૧/૧૦/૨૦૦૫નો પરિપત્ર ક્રમાંક-સીઆરઆર/૧૦૨૦૦૫/યુ.ઓ.૧૨૭૭/ગ-૨.

આમુખ

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૧) સામેના તારીખ-૨૫/૨/૧૯૮૦ના ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યા પર નિયમિત ભરતીમાં ખેલાડીઓને છુટછાટ આપી પસંદગી આપવા અંગેની નીતિ નક્કી કરવામાં આવેલ છે. સદરહુ તારીખ-૨૫/૨/૧૯૮૦ના ઠરાવના ફકરાં-૨.(ક)માં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવી છે.

"ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કોઇ પણ રૂબરૂ મુલાકાત કે મૌખિક કસોટી સિવાય સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિથી કોઇ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય એવા કેસો અંગે, નીચેના ફકરા-૩માં નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર ઉમેદવારોને સરકારી સેવામાં પસંદગી માટે પાત્ર ગણવા. આ હેતુ માટે કોઇ પણ લિખિત કસોટીમાં એમણે મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫ ટકાથી વધુ નહી એટલા ગુણ ઉમેરીને એમને પસંદગી આપી શકાશે."

૨.   ઉપર્યુકત જોગવાઇ ધ્યાને લેતાં, તેમાં ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે તૈયાર થતી પસંદગીયાદીનો સમાવેશ થાય છે. પરંતુ, રાજ્ય સેવામાં વિવિધ વિભાગોમાં / જાહેર સેવા આયોગ દ્વારા કરવામાં આવતી સીધી ભરતીમાં લેખિત કસોટી ઉપરાંત રૂબરૂ મુલાકાત કે મૌખિક કસોટીનો પણ સમાવેશ થતો હોય છે.આમ, આવી ભરતી પ્રક્રિયામાં તારીખ- ૨૫/૨/૧૯૮૦ના ઠરાવના ફકરાં-૩માં દર્શાવેલ શરતો પરિપુર્ણ કરતાં રમતવીર  ઉમેદવારને કઇ રીતે, કયા તબક્કે, કેટલાં ગુણ આપી પસંદગીમાં અગ્રતા આપવી તે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

-:ઠરાવ:-

સરકારશ્રીની કાળજી પુર્વકની વિચારણાના અંતે, વંચાણ હેઠળના ક્રમાંક (૧) સામેના તારીખ-૨૫/૨/૧૯૮૦ના ઠરાવના હાલના ફકરા-૨.(ક)ની જોગવાઇ રદ કરી તેના સ્થાને નીચે જણાવ્યા મુજબની ફકરા-૨.(ક)ની જોગવાઇ દાખલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨.(ક)   ગુજરાત જાહેર સેવા આયોગ અથવા અન્ય  માન્ય ભરતી એજન્સીઓ દ્વારા કોઇ પણ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય એવા કેસો અંગે સામાન્ય વહીવટ  વિભાગના તારીખ-૨૫/૨/૧૯૮૦ના ઠરાવના ફકરા-૩માં નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર રમતવીર ઉમેદવારોને સરકારી સેવામાં પસંદગી માટે પાત્ર ગણવા માટે:-

(૧) જ્યાં રૂબરૂ મુલાકાત કે મૌખિક કસોટી સિવાય સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિથી કોઇ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય ત્યારે આ હેતુ માટે કોઇ પણ લેખિત કસોટીમાં રમતવીર ઉમેદવારોએ મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી એમને પસંદગી આપી શકાશે.

(૨) લેખિત તથા મૌખિક કસોટીના આધારે તૈયાર થતી પસંદગી યાદીમાં રમતગમતનું યોગ્ય પ્રમાણપત્ર ધરાવતા તમામ રમતવીર ઉમેદવારોને તેમણે લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી આપવા અને જો તેમ કરતાં તેઓ રૂબરૂ મુલાકાત માટેનું ધોરણ સંતોષતા હોય તો તેમને રૂબરૂ મુલાકાત માટે લાયક ગણવા.પરંતુ, રૂબરૂ મુલાકાતમાં કોઇ જ ગુણ મળવા પાત્ર થશે નહી. એટલે કે, લેખિત અને રૂબરૂ મુલાકાતના આધારે તૈયાર થતી પસંદગી યાદી તેમજ ફકત રૂબરૂ મુલાકાતને આધારે તૈયાર થતી પસંદગી યાદીમાં રમતવીરોને રમતના પ્રમાણપત્રને આધારે રૂબરૂ મુલાકાતમાં કોઇ જ ગુણ મળવા પાત્ર થશે નહી.

(૩) જયાં લેખિત કસોટીમાં બેસવા માટે પાત્ર થવા માટે અથવા રૂબરૂ મુલાકાતને માટે પાત્ર થવા માટે ઉમેદવારોની પ્રીલીમીનરી કસોટી (જેના માર્કસ મેરીટમાં ગણાતા ન હોય)

લેવામાં આવતી હોય તો તેવી કસોટીમાં પણ રમતગમતનું 'યોગ્ય' પ્રમાણપત્ર ધરાવતાં ઉમેદવારોને લેખિત પરીક્ષામાં બેસવા માટે પાત્ર થવા અથવા રૂબરૂ મુલાકાતને માટે પાત્ર થવા માટે રમતવીર ઉમેદવારોને પ્રીલીમીનરી કસોટીમાં મેળવેલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરીને એમને પસંદગી આપી શકાશે.

૩. જયારે જયાં રૂબરૂ મુલાકાતને આધારે ભરતી કરાય છે અને ઉમેદવારની પસંદગી એસ.એસ.સી. પરીક્ષા વગેરેમાં મેળવેલ ગુણ પર આધારિત હોય ત્યાં ગુણવત્તા ધરાવતા ખેલાડીની બાબતમાં ભરતી માટેના ધોરણો અંગે આવા ગુણની જરૂરિયાત ૫ ટકાથી વધુ ન હોય તે રીતે ઘટાડવી તેવી વંચાણ હેઠળના ક્રમાંક (૧) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૧૯૮૦ના ઠરાવના ફકરા-૨.(ખ) તથા તે અન્વયે વંચાણ હેઠળના ક્રમાંક (૫) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૧૦-૨૦૦૫ના પરિપત્રથી કરવામાં આવેલ જોગવાઇ ચાલુ રહેશે.

૪. ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકારમાં ન આવતી હોય તેવી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અથવા અન્ય માન્ય પધ્ધતિથી ભરવામાં આવતી રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩ અને વર્ગ-૪ની તમામ જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંકોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૧૯૮૦ના ઠરાવના જોડાણ "ક"માં જણાવેલ માન્ય રમતોમાં તેમજ વખતો વખત સુધારેલ જોગવાઇ મુજબની રમતોમાં મેળવેલ માન્ય પ્રમાણપત્ર ધરાવતાં રમતવીરોને પણ ઉપર્યુક્ત જોગવાઇ લાગુ પડશે.

ઉપર્યુકત જોગવાઇનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે જોવા માટે સચિવાલયના સર્વે વિભાગો તેમજ ખાતાના વડાઓને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.સદાદીયા)
સંયુક્ત સચિવ(ક.ગ.),
સમાન્ય વહીવટ વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વેમંત્રીશ્રી / રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.

*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો (તેમના તાબાના ખાતાના વડાઓ / કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)

સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ / અધિકારીઓ.

<u>પસંદગી ફાઇલ.</u>

<u>*પત્ર દ્વારા.</u>